RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 243* Date: 23.06.2023, Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## સમગ્ર વિશ્વ ભારતમાં બનેલા યુદ્ધ વિમાનોની ગર્જના સાંભળશે, અમેરિકન જીઈ એરોસ્પેસે એચએએલ સાથે કરાર કર્યા



નવીદિલ્હી,તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશનું સંરક્ષણ ક્ષેત્ર હવે વિશ્વ સાથે તાલ મિલાવીને આગળ વધી રહ્યું છે. હવે એ દિવસ દૂર નથી જ્યારે ભારતમાં બનેલા યુદ્ધ વિમાનોના એન્જિનનો ગડગડાટ આખી દુનિયામાં સંભળાશે. ભારતની આ શક્તિ પાકિસ્તાન અને ચીન જેવા દુશ્મનોને પણ કડક સંદેશ આપશે. હવે ભારત એ દેશ નથી રહ્યો જે હથિયારો અને અન્ય સંરક્ષણ સાધનો માટે અન્ય દેશો પર નિર્ભર રહેતો હતો, પરંતુ આધુનિક ભારત આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યું છે. એટલા માટે અમેરિકા જેવા વિશ્વના શક્તિશાળી દેશો સંરક્ષણ અને અન્ય ક્ષેત્રોમાં ભારત સાથે મળીને કામ કરવા તૈયાર છે.

એક મહત્વપૂર્ણ કરારમાં, અમેરિકન કંપની ય્ઈ એરોસ્પેસે ગુરુવારે ભારતીય વાયુસેનાના લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (એલસીએ)-સ-૨ તેજસ જેટ એન્જિનના સંયુક્ત ઉત્પાદન માટે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચએએલ) સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરારની જાહેરાત વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યુએસ મુલાકાત દરમિયાન કરવામાં આવી હતી. વડાપ્રધાન મોદી હાલમાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન અને ફર્સ્ટ લેડી જિલ બિડેનના આમંત્રણ પર અમેરિકાની મુલાકાતે છે. યુએસ કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ કરારમાં ભારતમાં જીઈ એરોસ્પેસના હ્વ૪૧૪ એન્જિનના સંયુક્ત ઉત્પાદનની સંભાવનાનો સમાવેશ થાય છે અને ય્ઈ એરોસ્પેસ આ હેતુ માટે જરૂરી નિકાસ અધિકૃતતા મેળવવા માટે યુએસ સરકાર સાથે કામ કરવાનું ચાલુ રાખશે.

જીઈ એરોસ્પેસે એચએએલ સાથેના એમઓયુને ભારત અને યુએસ વચ્ચે સંરક્ષણ સહયોગને મજબૂત કરવા માટે ×નોંધપાત્ર× પરિબળ ગણાવ્યું છે. "આ ઐતિહાસિક કરાર ભારત અને એચએએલ સાથેના અમારા લાંબા સમયથી ચાલતા જોડાણને કારણે શક્ય બન્યો છે," જીઈ એરોસ્પેસના સીઈઓ અને જીઈના પ્રમુખ એચ. લોરેન્સ કલ્પ જુનિયરે જણાવ્યું હતું. કાર્યક્રમ નિવેદન અનુસાર, ×આ (કરાર) કંપનીને એફ૪૦૪ એન્જિન સહિત ભારતમાં ઉત્પાદનોની શ્રેણીનું ઉત્પાદન કરવા માટે સ્થાન આપશે, જે હાલમાં એલસીએ સ-૧ અને એલસીએ સ-૧એ એરક્રાફ્ટમાં ઉપયોગમાં લેવાય છે.× તેમજ અમારા એમ૪૧૪ આઈએનએસ-૬ એન્જીન સાથે એએમસીએ પ્રોગ્રામ માટે ડિઝાઈન, પરીક્ષણ અને પ્રમાણિત કરવા માટે જીઈ એરોસ્પેસની પસંદગી કરવી.×

ભારતને અત્યાર સુધી રશિયા અને યુરોપિયન ગઠબંધન પાસેથી સૈન્ય જેટ મળતા આવ્યા છે. તાજેતરમાં, ભારતે ફ્રેન્ચ ફાઈટર એરક્રાફ્ટ ઉત્પાદક દેસાન પાસેથી ભારતીય વાયુસેના માટે રાફેલ ફાઈટર એરક્રાફ્ટ ખરીદ્યું છે. દરમિયાન, જીઈ એરોસ્પેસ એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ એમકે-૨ એન્જિન પ્રોગ્રામ પર ભારત સરકાર સાથે સહયોગ કરવાનું ચાલુ રાખશે. અમેરિકન કંપનીએ કહ્યું, ×બંને દેશો વચ્ચે ગાઢ સંકલનના વિઝનને આગળ વધારવામાં બિડેન અને મોદી દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકા પર અમને ગર્વ છે.× અમારું એમ-૪૧૪ એન્જિન અનુપમ છે અને તે બંને દેશો માટે નોંધપાત્ર આર્થિક અને રાષ્ટ્રીય સુરક્ષા લાભો પ્રદાન કરશે. કારણ કે અમે અમારા ગ્રાહકો માટે તેમની સૈન્ય જરૂરિયાતોને પહોંચી વળવા માટે ઉચ્ચ ગુણવત્તાવાળા એન્જિનોનું ઉત્પાદન કરીએ છીએ.નોંધપાત્ર રીતે, એચએએલ ભારતીય વાયુસેના માટે ૮૩ હળવા કોમ્બેટ એરક્રાફ્ટ બનાવવા માટે જીઈ ૪૦૪ એન્જિનનો ઉપયોગ કરી રહ્યું છે. જીઈ એરોસ્પેસ ભારતમાં ચાર દાયકા કરતાં વધુ સમયથી કાર્યરત છે અને એન્જિન, એવિઓનિક્સ, સર્વિસ, એન્જિનિયરિંગ, મેન્યુફેક્ચરિંગ સહિતના ઉદ્યોગોની વિશાળ શ્રેણી સાથે સંકળાયેલી છે. જીઈ એરોસ્પેસ એમ-૪૦૪ અને એમ-૪૧૪ એનસીએ સ ૧ અને એસસીએ સ ૨ પ્રોગ્રામના વિકાસ અને ઉત્પાદનનો ભાગ છે. એલસીએ સ ૧એ માટે કુલ ૭૫ એફ-૪૦૪ એન્જિનની ડિલિવરી કરવામાં આવી છે અને અન્ય ૯૯નો ઓર્ડર આપવામાં આવ્યો છે. કંપનીએ જણાવ્યું કે એલસીએ સ ૨ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ આઠ એફ૪૧૪ એન્જિન પૂરા પાડવામાં આવ્યા છે.

## આસામના ૧૦ જિલ્લામાં પૂર, ૧ લાખથી વધુ અસરગ્રસ્ત; બંગાળ-બિહારમાં ૧૧ લોકોનાં મોત

ચોમાસાની શરૂઆત થયાને ૧૫ દિવસ થઈ ગયા છે. હજુ સુધી તે અડધા રાજ્યોમાં પણ યોગ્ય રીતે પહોંચી શક્યું નથી. હવામાન વિભાગ (ૈંસ્ડ) એ જણાવ્યું છે કે આજે અને આવતીકાલે મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને ઝારખંડ સહિત ૮ રાજ્યોમાં ભારે વરસાદ પડી શકે છે.બીજી તરફ પૂર્વોત્તર રાજ્યોમાં વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. આસામમાં બ્રહ્મપુત્રા નદીમાં વધારો થયો છે. આસામ સ્ટેટ ડિઝાસ્ટર અનુસાર રાજ્યના ૧૦ જિલ્લામાં પૂરના કારણે



સ્થિતિ ખરાબ છે. ૧૦૮ ગામોમાં ૧ લાખ ૨૦ હજાર લોકો પ્રભાવિત થયા છે. નલબારી જિલ્લામાં સૌથી વધુ ૪૫ હજાર લોકો પૂરથી પ્રભાવિત થયા છે.હવામાન વિભાગે આગામી ૪ દિવસ એટલે કે ૨૨ થી ૨૬ જૂન સુધી પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આસામ અને મેઘાલયમાં ભારે વરસાદની આગાહી કરી છે.પશ્ચિમ બંગાળના માલદા અને બિહારના જમુઈ જિલ્લામાં બુધવારે વીજળી પડવાથી ૧૧ લોકોના મોત થયા હતા. માલદામાં પણ વીજળી પડવાથી ૧૨ બાળકો ઘાયલ થયા છે.ઉત્તરાખંડ, ઉત્તરપૂર્વ ભારત, બિહારના ભાગો, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, હરિયાણા, ઉત્તરપૂર્વ રાજસ્થાન, તટીય કર્ણાટક, કેરળ, તમિલનાડુ, રાયલસીમા અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં હળવાથી મધ્યમ વરસાદ થયો છે.દિલ્હી દ્બઝ્રઇ, છત્તીસગઢ, તેલંગાણા, લક્ષદ્વીપ અને તટીય આંધ્ર પ્રદેશના ભાગોમાં હળવો વરસાદ થયો. વિદર્ભ, છત્તીસગઢ, પૂર્વ ઉત્તર પ્રદેશના ભાગો અને ઓડિશામાં ગરમીની લહેર અને તીવ્ર ગરમીની સ્થિતિ પ્રવર્તી રહી છે. પૂર્વ ઉત્તર પ્રદેશ, બિહાર અને ઝારખંડમાં એક-બે સ્થળોએ હીટ વેવની સ્થિતિ પ્રવર્તી રહી છે

## રાજકોટમાં રાજકમલ ફર્નિચરના ગોડાઉનમાં ભીષણ આગ, ૬ ફાયર ફાઈટર દોડી ગયા, ૭૦ લાખનું ફર્નિચર બળીને ખાખ





રાજકોટના અશોક ગાર્ડન નજીક રાજકમલ ફર્નિચરના ગોડાઉનમાં ભીષણ આગ લાગી છે. ઘટનાની જાણ થતા જ ૮ ફાયર ફાઈટર ઘટનાસ્થળે દોડી ગયા છે અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ હાથ ધર્યો છે. ફર્નિચરના ગોડાઉનના માલિક રાજેશભાઈ પરસાણાએ જણાવ્યું હતું કે, અંદાજિત ૬૦થી ૭૦ લાખનું ફર્નિચર બળીને ખાખ થઈ ગયું છે. આગ એટલી વિકરાળ છે કે, એક કિલોમીટર દૂરથી ધૂમાડાના ગોટેગાટો જોવા મળી રહ્યા છે.ફર્નિચરના ગોડાઉનમાં આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાની શંકા વ્યક્ત કરાઈ છે. હાલ ૬૦થી ૭૦ લાખનું નુકસાન પહોંચ્યું છે. જો આગ વધુ વિકરાળ બને તો નુકસાનીનો આંક વધી શકે છે. હાલ ફાયર વિભાગની ૮ ગાડીઓ દ્વારા સતત પાણીનો મારો ચલાવવામાં આવી રહ્યો છે.ફાયર ચીફ ઓફિસર આઈ.વી. ખેરે જણાવ્યું હતું કે, આજે મવડી આનંદ બંગલા ચોક પાસે રાજકમલ સ્ટીલ ફર્નિચરમાં અમને આગ લાગ્યાનો મેસેજ મળ્યો હતો. આથી તાત્કાલિક મવડી ફાયર સ્ટેશનથી ગાડી મોકલી હતી. બાદમાં વધુ ધૂમાડા દેખાતા વધુ ગાડી બોલાવી હતી. આગ ગ્રાઉન્ડફ્લોરથી ટોપ ફ્લોર સુધી પહોંચી ગઈ હતી. આખી બિલ્ડિંગ બળીને ખાખ થઈ છે. આગ હાલ કંટ્રોલમાં છે. માત્ર ટોપ ફ્લોર પર આગ છે જે બૂઝાવવામાં આવી રહી છે.રાજેશભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, ફર્નિચરના ગોડાઉનમાં વર્કરો કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક નાનો સ્પાર્ક થયો હતો. જેમાંથી આગ પ્રસરી અને વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું. જો કે સદનસીબે ફર્નિચરના ગોડાઉનમાં કામ કરતા તમામ લોકો સુરક્ષિત છે. હાલ કોઈ જાનહાનિ પહોંચી નથી. કંપનીમાં ૬૦ લોકો કામ કરે છે અને તમામ સુરક્ષિત છે. ફર્નિચરની તમામ પ્રોડક્ટ આગમાં ખાખ થઈ ગઈ છે.ફર્નિચરના ગોડાઉનમાં વિકરાળ આગની ચપેટમાં કર્મચારીઓના વાહનો પણ આવ્યા છે. ત્રણથી ચાર ટુવ્હિલર બળીને ખાખ થઈ ગયા છે. આગ વધુ પ્રસરતા કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ છે. જો કે, ફાયર વિભાગ દ્વારા આગ બૂઝાવવાની કામગીરી ચાલી રહી છે.ભીષણ આગને કારણે આસપાસમાંથી લોકોના ટોળા એકત્ર થઈ ગયા છે.

## ઉતરાખંડના પિથોરગઢમાં બોલેરો ૫૦૦ મીટર ઊંડી ખીણમા ખાબકી, નવ લોકોના મોત જ્યારે બે ઘાયલ

ઉતારાખંડના પિથોરાગઢમાં એક મોટો માર્ગ અકસ્માત થયો છે. મુસાફરોથી ભરેલી બોલેરો ૫૦૦ મીટર ઊંડી ખીણમાં ખાબકી હતી જેમા નવ લોકોના મોત થયા છે, જ્યારે બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચવા માટે રવાના થઈ ગઈ છે.

આ ઘટના અંગે સુત્રોમાંથી મળતી માહિતી મુજબ બાગેશ્વર જિલ્લાના સમાથી હોકરા તરફ જઈ રહેલી બોલેરો કાર અકસ્માતનો ભોગ બની હતી અને ૫૦૦ મીટર ઉંડી ખીણમાં પડી હતી. આ અકસ્માતમાં નવ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા જ્યારે બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘાયલોને




નજીકની હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે. આ દુર્ઘટનાની જાણ પોલીસને થતા પોલીસ ઘટના સ્થળે પહોંચવા માટે રવાના થઈ છે.

માહિતી મળ્યા બાદ નાચની પોલીસ સ્ટેશનના જીઉૅં ચંદન સિંહ પોલીસ ટીમ સાથે ઘટનાસ્થળે રવાના થઈ ગયા છે. તેમજ હોસ્પિટલમાંથી એમ્બ્યુલન્સને ઘટનાસ્થળે મોકલવામાં આવી છે. પ્રાથમિક અહેવાલમાં જણાવવામાં આવી રહ્યું છે કે અકસ્માતનો ભોગ બનેલા લોકો બોલેરો કારમાં પૂજા માટે હોકરા મંદિર જઈ રહ્યા હતા. જે જગ્યાએ અકસ્માત થયો હતો તે રોડની હાલત અત્યંત ખરાબ છે.

## ભારતીય મુસ્લિમોએ પોતે પીડિત હોવાની માનસિકતામાંથી બહાર આવવુ પડશેઃ ઝફર સરેશવાલા

જેદ્દાહ( સાઉદી અરબ),તા. ૨૨

પીએમ મોદીના સમર્થક ગણાતા અને મૌલાના આઝાદ નેશનલ ઉર્દૂ યુનિવર્સિટીના પૂર્વ ચાન્સેલર ઝફર સરેશવાલાએ સાઉદી અરબમાં યોજાયેલા એક કાર્યક્રમમાં કહ્યુ હતુ કે, મુસ્લિમો સાથે ભારતમાં ભેદભાવ થાય છે પણ આવુ ગણતરીના જ તત્વો કરતા હોય છે.તેમણે કહ્યુ હતુ કે, ભારતીય મુસ્લિમોએ ભેદભાવની ફરિયાદો કરવાની જગ્યાએ શિક્ષણ પર ફોકસ કરવાની જરુર છે.મુસ્લિમ સમુદાય હંમેશા આંદોલન જ કરીને આગળ નહીં વધી શકે.પોતે પિડિત હોવાની માનસિકતામાંથી પણ બહાર આવવુ પડશે.

## મણિપુર હિંસા, ઈમ્ફાલમાં તોફાનીઓ અને સેના વચ્ચે ફાયરિંગ

મણિપુરમાં ૩ મેના રોજ શરૂ થયેલી હિંસાના ૫૦ દિવસ પૂર્ણ થયા છે, પરંતુ સ્થિતિ હજુ પણ ગંભીર છે. અહીં રોજેરોજ ફાયરિંગ કે બ્લાસ્ટની ઘટનાઓ બની રહી છે.ગુરુવારે સવારે ૫ વાગ્યે ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લાના નોર્થ બોલઝાંગમાં અજાણ્યા વ્યક્તિઓ અને આસામ રાઈફલ્સ ટુકડી વચ્ચે ફાયરિંગ થયુ હતું.

આ પહેલા બુધવારે રાત્રે,



બિષ્ણુપુરમાં કાર વિસ્ફોટમાં ત્રણ લોકો ઘાયલ થયા હતા, જ્યારે બુધવારે સાંજે લગભગ ૫:૪૫ વાગ્યે ઈમ્ફાલ પૂર્વ જિલ્લામાં પણ ફાયરિંગ કરવામાં આવ્યું હતું.

પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ગૃહ મંત્રાલયે બુધવારે માહિતી આપી હતી કે ગૃહમંત્રી અમિત શાહે શનિવારે ૨૪ જૂને દિલ્હીમાં સર્વપક્ષીય બેઠક બોલાવી છે.

## પીએમ મોદી ભારતીય સંસ્કૃતિના પ્રતિક છે, હોલીવૂડ સ્ટાર રિચર્ડ ગેર પણ બન્યા ચાહક

વોશિંગ્ટન,તા. ૨૨

ટેસ્લાના સ્થાપક ઈલોન મસ્ક બાદ હવે હોલીવૂડના સ્ટાર રિચર્ડ ગેરે પણ પીએમ મોદીના પ્રશંસક બની ગયા છે. પીએમ મોદીના ચાહકોના લિસ્ટમાં હોલીવૂડના આ મશહૂર અભિનેતાનો પણ ઉમેરો થયો છે. ન્યૂયોર્કમાં યોગ દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં રિચર્ડ ગેર પીએમ મોદીની સાથે યોગ કરતા નજરે પડ્યા હતા. એ પછી તેમણે કહ્યુ હતુ કે, પીએમ મોદી ભારતીય સંસ્કૃતિનુ પ્રતિક છે. પીએમ મોદી ભારતના કલ્ચરનુ પ્રતિનિધિત્વ દુનિયામાં કરી રહ્યા છે. તેમનો વૈશ્વિક ભાઈચારાનો સંદેશ વારંવાર સાંભળવાની ઈચ્છા છે. આ દિલને સ્પર્શી જતો સંદેશ છે.

તંત્રી લેખ......

# ચીનનો ધૂંધવાટ

વડાપ્રધાન મોદીની અમેરિકાની પહેલી રાજકીય યાત્રા કેટલી મહત્ત્વની છે, તેનો અંદાજ એ વાતે આવે છે કે ચીનના પૂર્વ વિદેશમંત્રી વાંગ યીએ સરકારી મુખપત્ર ગ્લોબલ ટાઈમ્સમાં સત્તાવાર લેખ લખીને આરોપ લગાવ્યો કે ચીનની આર્થિક પ્રગતિને અવરોધવા માટે અમેરિકા ભારતનો ઉપયોગ કરી રહ્યું છએ. સાથે જ તેમણે એ પણ કહ્યું કે વૈશ્વિક પૂરવઠા શૃંખલામાં ચીનની જગ્યા લેવી ભારત માટે સંભવ નથી. દેખીતું છે કે આ વધુ પડતા આત્મવિશ્વાસથી જે ધૂંધવાટ બહાર આવી રહ્યો છે તે એ દર્શાવવા માટે પૂરતો છે કે અમેરિકા અને ભારતની વધતી નજદિકીઓએ ચીનને કેટલી હદે બેચેન કરી મૂક્યું છે. એક તો તે પોતાની વિસ્તારવાદી નીતિઓથી તમામ પડોશી દેશો સાથે ચીન મુસીબતો ઊભી કરતું રહે છે અને ભારત તો તેની હઠધર્મિતા દાયકાઓથી ભોગવી રહ્યું છે. ગલવાનનો ગતિરોધ તેનું સૌથી તાજું ઉદાહરણ છે. બહેતર થાત કે ચીનના સત્તાધીશો પોતાની ભૂલો સુધારવા પર વધુ ભાર મૂકતા. વાંગ યી કદાચ કૂટનીતિનો કક્કો ભૂલી ગયા છે, તેમણે યાદ કરવાની જરૂર છે કે દ્વિપક્ષીય સંબંધોની બુનિયાદ બંને પક્ષોના હિત સધાય તો જ પડે છે. નવી દિલ્હીએ આઝઆદી બાદથી જ પોતાની સ્વતંત્ર વિદેશ નીતિ સાથે કોઈ સમજૂતી ન કરી. રશિયા-યુક્રેન યુદ્ધ તેનું જ્વલંત ઉદાહરણ છે. ભારતે અમેરિકા સાથે પોતાના સંબંધો અવશ્ય પ્રગાઢ કર્યા છે, પરંતુ સાથે જ રશિયા સાથે પોતાની મિત્રતાનું માન રાખ્યું છે. વિદેશ મંત્રીએ કાલે પણ સ્પષ્ટ કહ્યું કે રશિયા સાથે ભારતના સંબંધ સાઈઠ વર્ષોના ઈતિહાસનું ફળ છે અને એવું નથી કે સાઈઠ વર્ષ બાદ અમે અમારા વિચાર બદલી નાખ્યા છે. અમેરિકા આ હકીકતને સમજે છે અને તે ભારત સાથે સંબંધોને વિસ્તાર આપી રહ્યું છે, તો સ્વાભાવિક જ તેના મૂળમાં દક્ષિણ એશિયામાં એક વિશાળ બજાર, મજબૂત લોકતંત્ર અને ઝડપથી વધતી ભારતીય અર્થવ્યવસ્થા છે. ખાસ કરીને છેલ્લા બે દાયકામાં બંને દેશોમાં નજદિકીઓ વધી છે અને પરમાણુ સમજૂતીએ તેને એક દીર્ઘકાલીન દિશા આપી. આજે બંને દેશોના કારોબારી સંબંધો રેકોર્ડ ઊંચાઈઓ પર છે, પરંતુ અમેરિકા ભારતનું સૌથી મોટું કારોબારી સહયોગી બની ચૂક્યું છે. વડાપ્રધાના આ રાજકીય પ્રવાસથી દેશને ઘણી આશાઓ છે. રક્ષા ક્ષેત્રે સમજૂતીઓ અને ટેક્નોલોજીના હસ્તાંતરણ ઉપરાંત અમેરિકી ઉદ્યોગપતિઓ સાથે તેમની મુલાકાત પર બધાની નજર છે. ભારતમાં અમેરિકી રોકાણકારોની દિલચસ્પી જો મૂડીબજાર આગળ પ્રત્યક્ષ સંસ્થાગત રોકાણમાં વધે છે તો તેનાથી દેશમાં રોજગાર સર્જનને ગતિ મળી શકશે. હાલમાં ભારતની જરૂરિયાત પોતાની વિશાળ યુવા આબાદી માટે વધુને વધુ અવસરોનું સર્જન છે. વડાપ્રધાને વોલસ્ટ્રીટ જર્નલને ઈન્ટરવ્યૂ આપતાં યોગ્ય જ કહ્યું કે ભારત એક મોટી ભૂમિકાનું હક્કદાર છે અને તે કોઈ અન્ય દેશનું સ્થાન નથી લઈ રહ્યું, બલ્કે પોતાની સાચી જગ્યા તરફ અગ્રેસર છે. ભારત હંમેશથી વિશ્વ-શાંતિનું ઈચ્છુક રહ્યું છે અને વૈશ્વિક આતંકવાદ વિરુદ્ધ જંગ હોય કે પર્યાવરણ સંરક્ષણ, તેની પ્રતિબદ્ધતા અસંદિગ્ધ છે. સમય આવી ગયો છે કે બદલાતા સમયના હિસાબે તમામ વૈશ્વકિ સંગઠનોમાં તાર્કિક સુધાર કરવામાં આવે.

# પુસ્તક પરિચય

## લેખિકા : મૈત્રેયી દેવી
## નવલકથા : ન હન્યતે
## અનુવાદક નગીનદાસ પારેખ




પ્રસિદ્ધ બંગાળી લેખિકા મૈત્રેયીદેવી રચિત ન હન્યતે નવલક્થાનો અનુવાદક નગીનદાસ પારેખે કરેલ છે. જે રન્નાદે પ્રકાશન અમદાવાદ - ૩૮૦૦૦૧ થી પ્રકાશિત છે. નવ વર્ષમાં આ પુસ્તકની પાંચમી આવૃત્તિ છપાય છે, એ એની લોકપ્રિયતા દર્શાવે છે. મૈત્રેયીદેવી રચેલ 'મંગપુતે રવીન્દ્રનાથ' (ગુરુદેવ અમારે આંગણે), ન હન્યતે'' અને 'સ્વર્ગની લગોલગ એ ત્રણ કૃતિઓ છે.

ન હન્યતે નવલક્થાની અનેક આવૃત્તિઓ એની લોકપ્રિયતા દર્શાવે છે. ભારતની બધી ભાષાઓમાં તેના અનુવાદ થયેલા છે. એનો અંગ્રેજી અનુવાદ લેખિકાએ પોતે કર્યો છે. તેનો ગુજરાતી અનુવાદ 'ન હન્યતે' નામે નગીનદાસ પારેખે કર્યો છે. આ અનુવાદને સાહિત્ય અકાદમીનું ૧૯૮૯નું ઉત્તમ અનુવાદનું પારિતોષિક મળ્યાની જાહેરાત થતાં મૈત્રેયી દેવીએ નગીનદાસ પારેખને અભિનંદનનો પત્ર લખ્યો હતો.

'ન હન્યતે'ના વાચકોમાંના ઘણાના મિર્ચાના જીવન વિશે વધુ વિગતો જાણવા માગતા પત્રો નગીનદાસ પારેખ પર આવતા રહ્યા છે. એવા વાચકોને સંતોષવા માટે મેં 'પરબ'ના ૧૯૮૬ના ત્રીજા અંકમાં મિર્ચ ઈલિયડનો પરિચય લખ્યો હતો. તે જોવા સૂચવું છું. (છઠ્ઠી આવૃત્તિ સમયે નગીનદાસ પારેખ)

સત્તાવીસ પાન માં ઉમાશંકર જોશીએ પ્રસ્તાવના લખેલ છે. ૩૫૩ પાન માં સમાયેલ કૃતિનું સ્વરૂપ નવલકથાનું છે, પણ તે આત્મચરિત્રાત્મક છે.

લેખિકા પોતે જ નાયિકા હોય એવી આ કથા ફક્ત આઠ જ માસની છે. ૧૯૨૮માં ભારતના એક મહારાજાએ યુરોપિયન વિદ્વાનો માટે સ્થાપેલી શિષ્યવૃત્તિનો લાભ લઈને દક્ષિણપૂર્વ યુરોપના રોમેનિયા દેશનો એક યુવાન ફિલોસૉફર હિન્દુ આધ્યાત્મનો અભ્યાસ કરવા કલકત્તા આવે છે. ભારતીય ચિંતનના પ્રોફેસર પાસે રહીને ભારતીય સંસ્કૃતિ અને ભાષાઓ શીખે છે. એ દરમ્યાન વિશ્વખ્યાત તત્વજ્ઞાની પિતાએ ત્રેવીસ વર્ષના બલ્ગેરિયાના ગોરા યુવાનને શિષ્ય તરીકે સ્વીકારી પોતાના ઘરમાં રહેવાની સુવિધા કરી આપી. ભોંયતળિયે એને માટે એક ઓરડીનો ભાગ ફાજલ પાડવામાં આવ્યો હતો. મહિનાઓ પછી ખબર પડી કે બંને વચ્ચે પ્રેમસંબંધ છે. પિતાએ મિર્ચાને ઘરમાંથી જવા માટે કહ્યું. ઘરમાં યુરોપિયન છોકરાના 'કૌભાંડ'ની ખબર પડે છે અને તેને તગેડી મૂકવામાં આવે છે. પુત્રીનું લગ્ન અન્યત્ર કર્યું.

છોકરીને તેના કરતાં ૧૫ વર્ષ મોટા મલેરિયાના ડૉક્ટર સાથે પરણાવી દેવામાં આવે છે. ત્રીસેક વર્ષ પછી બે બાળકોની મા અને અનેક પુસ્તકોની લેખિકા પતિના પ્રોત્સાહનથી તેના ભૂતપૂર્વ પ્રેમીને શિકાગોમાં શોધી કાઢે છે. કાગળપત્ર પણ ન લખનાર પશ્ચિમના એ 'મૃગયા''—પટુ માણસને અમૃતા વરસો સુધી ભૂલી પણ ગઇ છે. પ્રૌઢ ઉંમરે અવારનવાર યુક્લિડ મોટો વિજ્ઞાન પ્રોફેસર છે એમ કહેવાય છે. લેખિકાના જીવનમાં અચાનક ભૂકંપ સર્જાય છે. તેના જન્મદિને મિર્ચાનો શિષ્ય સરગેઈ આવે છે અને અમૃતાને મળે છે. ૫૮ વર્ષની નાયિકાના ચિત્તમાં સોળ વર્ષની ઉંમરના પ્રણયાનુભવની સ્મૃતિ જાગે છે.

'ન હન્યતે' આજે પણ લોકો પ્રેમથી વાંચે છે. ૧૯૮૮માં હૉલીવુડ-સ્ટાર હ્યુ ગ્રાન્ટ અને બૉલીવુડ-ઍક્ટ્રેસ સુપ્રિયા પાઠકને લઈને મિર્ચા ઈલ્યાડેની નવલકથા પરથી 'ધ બેન્ગાલી નાઈટ' નામની ફિલ્મ બનાવવામાં આવી હતી. એમાં સૌમિત્ર ચૅટરજી અને શબાના આઝમીએ સુપ્રિયાનાં માતાપિતાની ભૂમિકા કરી હતી.ભણસાલીએ 'ન હન્યતે'ના પૂર્વાર્ધ પરથી 'હમ દે દિલ ચુકે સનમ'ની કહાની વિકસાવી હતી....ભારતી વાઘેલા..

# માસ્તર મુરખ હું સરદાર, રંડાયા પછી રડવા બેઠો

ફર્જી ફર્જી ફર્જી સચીવ,ડોક્ટર, પોલીસ,દવા,દારૂ ભોજન, ફર્જી દેશ ભક્તિ,પંડીત પત્રકાર? તોડ કોના કોના થાય છે?

પક્ષવિપક્ષના નેતુડીયા દેશવિદેશ ફરવા ચરવા જાય,આઝાદીનો અમૃત મહોત્સવ લોકો નફરતના ગીત ગાઈ છે.

ચુંટણી ટાણે મૌસમ વિજ્ઞાની, ભય યા ભુખ, આયારામ ગયારામ, વેલકમ રામરામ આવકાર થાય છે.

કોરોના પછી વીજળી પડે એ એમ દિલ પર હુમલા થાય,નાનું નાનું આયખું છોડી અચાનક દેહ છોડી આત્મા વયો જાય છે.

બોલે એનાં બોર વેચાય જો બોલ્યો તો હવાલાત, શું ટ્વીટર બંધ થાય, લોકરાજના ધબકારા ધીમા થાય છે.

નોટબંધી કે નસબંધી, લોક નિર્ધન કે નિર્માલ્ય, બે હજારની નોટ બંધ અને પાંચસોની નોટો અલોપ થઈ જાય છે.

ગ્રાહક લૂંટાય બીલ વગર અને જીએસટી ફરજી સેલ કંપનીના લાખેણા બિલમાં દેશ મારો લૂંટાઈ છે.

હું દઉં તો રાહત અને તારી દાતારી રેવડી, દોઢશોમાં એંસી કરોડ સડેલું રાશન ખાય છે.

સરદાર સ્ટેચ્યું ને બુલેટ ટ્રેન, ટોય રમે ટાબરિયા ચીનના, રમતગમત ને કેવી ચોકીદારી ચીન ભીતર ઘુસી જાય છે.

ક્રૂડ સસ્તું ને ડીઝલ મોઘું,રૂપિયા ફદિયાં તારી નથી કિંમત ઘટી ઓલો ડોલરિયો મોંઘો થાય છે.

વિમાને ઉતરે અબજોના વ્હાઈટ બ્રાઉન સુગર, ચોરી છુપી ઉછીની બીડી દમ ભરતો માર ખાય છે.

કેવી કસોટી,ફર્જી ડિગ્રી, પ્રશ્નપત્ર ફૂટે ફૂટે કિસ્મત, પરીક્ષામાં હાજર નાપાસ અને આખે આખા પરીક્ષાર્થી બદલાઈ જાય છે.

સીમિત હતાં એ રેડ લાઈટ એરિયા બંધ. સમાજનું કલંક? કેવું કલચર એસી સ્પા હાઈફાઈ છે.

શેઠ રાખે એ શેઠાણી, ગરીબની જોરૂ ગામની ભાભી, ગરજે ગધેડાને બાપ કહેવાય છે.

નિંદા કે ના થૂંક ઉડાડીશ,શાણા સમજુ અને શિક્ષિત તારે પાપે ઠગ સૌને ધુતી ઠગી જાય છે.

હું માસ્તર મુરખ સરદાર,ભેંસ આગળ ભાગવત આખી ભેંસ પાણીમાં જાય છે.

દિપક પટેલ(આર.ટી.આઈ.સુરત)




નારણપુરા નવા વાડજ વિસ્તારમાં રહેતા રહીશોના લાભાર્થે સવારે ૯-૩૦થી ૧૨-૩૦ દરમ્યાનમાં તમારા LIVER DISEASE MANAGEMENનું નિ:શુલ્ક પરીક્ષણ તથા નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું જેમાં અતિથ વિશેષ નવા વાડજ પોલીસ સ્ટેશન પી.આઈ.શ્રીસી.જે.જોષી સાહેબ તથા નારણપુરા પોલીસ સ્ટેશન પી.આઈ.શ્રીબી.એલ.વ્ડુકર સાહેબ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા સદર કેમ્પમાં લિવરને લગતા બધા ટેસ્ટ નિ:શુલ્ક કરવામાં આવ્યા હતા કેમ્પનું આયોજન ડૉ.બી.ટી.પટેલ ક્લિનિક,ચક્રવર્તી કોમ્પલેક્ષ, કિરણપાર્ક સામે,નવા વાડજ ખાતે દ્દછજી ૐછઈસ્છ કંપની,ડૉ.ભીખુભાઈ પટેલ, જાયન્ટ્સ ગૃપ ઑફ અમદાવાદ નોર્થ,ગાયત્રી પરિવાર નારણપુરા,લાયન્સ કલબ ઓફ અમદાવાદ જોધપુર હીલ,આશીર્વાદ ફાઉન્ડેશન,ઉમેશ પટેલ,પંકજ જોષી,વાસુભાઈ ગોહેલ,વિપુલ ચૌધરી કાર્યકર્તા મિત્રોના સહયોગથી કરવામાં આવ્યું જેમાં સીત્તેર જેટલા લોકોએ લાભ લીધો હતો

## કડી ખાતે રાજયના પુર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના ૬૮માં જન્મ દિવસ નિમિત્તે

# રજતતૂલા અને રક્તદાનશીબીર કાર્યક્રમમાં રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી ઉપસ્થિત રહ્યા.

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, કડી ખાતે રાજયના પુર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના ૬૮માં જન્મ દિવસ નિમિત્તે રજતતૂલા અને રકતદાનશીબીર કાર્યક્રમમાં રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી ઉપસ્થિત રહ્યા હતા.

રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, ગુજરાત સહિત દેશભરમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે રાજયમાં વિકાસની રાજનીતી થકી નાનામા નાનો માણસ વિકાસના પ્રવાહમાં કેવી રીતે જોડાય તેની ચિંતા કરી છે. છેવાડાના માણસ સુધી સરકારની યોજના કેવી રીતે સરકારના પ્રતિનિધી પહોંચાડી શકે તેનું ઉત્તમ ઉદાહરણ આપણા શ્રી નીતિનભાઈ પટેલ છે. શ્રી નીતિનભાઈ પટેલના જન્મદિન નીમીતે તેમનુ



સ્વાસ્થ્ય સારુ રહે અને ખૂબ સારા કામ કરતા રહે તેવીશુભકામના પાઠવું છું.

આ કાર્યક્રમમાં શ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, પાર્ટીના જરૂર સમયે અંત્યત મહત્વની ભૂમિકા નિભાવનાર અને રાજયના પુર્વ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઈ પટેલના ૬૮માં જન્મ દિવસ નિમિત્તે ખૂબ ખૂબ શુભકામના પાઠવું છું અને રાજકારણ ક્ષેત્રમાં હજી આગળ વધે તેવી શુભકામના. નીતીનભાઈ તેમના કાર્ય થકી ગુજરાત જ નહી દેશભરમાં જણીતા છે. તેમના કામના ગુણવત્તાને આધારે શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ વર્ષો સુધી કામ કરવાની તક આપતા રહ્યા અને શ્રી નીતીનભાઈને રાજયના નાયબ મુખ્યમંત્રી સુધી લઈજવા મહત્વનીભૂમિકા જો કોઇએ ભજવી હોય તો તે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબેની છે. શ્રી નીતીનભાઈએ રાજયમાં વિકાસના અનેક કાર્યોની ભેટ આપી છે. આજદિન સુધી વડાપ્રધાન કરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ૧૮૦ યોજનાઓ જાહેર કરી જનતાને લાભ આપી મદદ કરવાનો સફળ પ્રયાસ કર્યો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ૯ વર્ષના કાર્યકાળમાં દુનિયાને બતાવી દીધુ કે આજનુ ભારત શક્તિશાળી ભારત છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે દેશની આંતરકી અને બાહ્ય રીતે સુરક્ષા મજબૂત આપી છે. આવનરા ૨૫ વર્ષમાં ભારત સર્વોચ્ચ સ્થાન પર પહોંચે તે માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના હાથ મજબૂત કરજો. આવા આજે શ્રી નિતિનભાઈના જન્મદિવસ નિમિત્તો સંકલ્પ કરીએ કે લોકસભા ચૂંટણીમાં ભાજપને ૪૦૦થી પણ વધુ બેઠતો જીતાડી એક મજબૂત સરકાર બનાવીએ.

કલાસાધક આર્ટ ગ્રુપ દ્વારા ચિત્ર સ્પર્ધા યોજાશે નખત્રાણા: તા.૨૩ કલાસાધક આર્ટ ગ્રુપ દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.આ ગ્રુપમાં સમસ્ત કંસારા સમાજના પુરા ભારતભરના કલાકારો જેમાં સંગીત ,ચિત્ર, નૃત્ય સહીત ઘણી બધી કલાના કલા સાધકો જોડાયેલ છે. એક થી ૧૪ અને ૧૫ થી ઉપર વયના તમામ કલાકારો માટે અલગ અલગ કેટેગરીમાં પોરબંદર સ્થિત મૂળ કચ્છ ભુજના પ્રોફેસર કમલેશ ભાઈ બુદ્ધભટ્ટી અન

# અંતે ઘીના ઠામમાં ઘી પડી ગયું!!

શીર્ષક વાંચીને શ્વેત ક્રાંતિ, ઓપરેશન ફલડ, સહકારી પ્રવૃતિ કે અમૂલ , ઝાઝા હાથ રળિયામણા કે વિના સહકાર નહીં ઉધ્ધાર ટાઈપના ટાયલા વાંચવાની અબળખા હોય તો અહીંથી વાંચવાનું છોડી દેજો. ?હું તમારી મનઘડંત કથા નથી લખવાનું તેમ સોઈ ઝાટકીને કહું છું.!!!

વડોદરાની એક અબળા સ્વપ્રયત્ને ઓટોગામી મેરેજ કરવાની જાહેરાત કરે છે.એટલામાં શાંત જળમાં કંકર ફેંકાય ને પાણીમાં વમળો સર્જાય તેમ ઉત્પાત શરુ થયો.

કોઈ કોડીલી કન્યા લગ્ન કરવાનો ઈરાદો વ્યક્ત કરે તો બધાએ અંતકરણથી વધાવી લઈને યત્કિંચિત મદદ કરવાની હોય. કોઈએ પાનેતર લઈ આવવાનું હોય.કોઈએ ઘરેણા લઈ આવવાના હોય. કોઈએ રામણદીવડો લઈ આવવાનો હોય. લગ્નના ઘણા કામો હોય છે. લગ્નમાં કન્યાના બાપને જાન વળાવવામાં ન આવે ત્યાં સુધી ટેન્શન હી ટેન્શન હૈ!! માળી, રસોઈયા, પિરસણીયા,મહારાજ, ફોટોગ્રાફર હાયર કરવા. કેટકેટલી જફા હોય છે!!!

લગ્નના ઘણા પ્રકાર છે. અમુક લોકો વરને બદલે તલવાર સાથે કન્યાને ત્રણ ફેરા ફેરવે છે અને એક ફેરો વરરાજા સાથે ફેરવે છે. આને ખાંડું ફેરવવું કહે છે. અમુક જગ્યાએ વરને બદલે વરની બેન સાથે નવોઢાના ફેરા ફેરવવામાં આવે છે. અમુક લગ્નોમાં માત્ર પુરૂષો જ જાનમાં જાય છે. લગ્નપ્રથા પ્રાચીનતમ પ્રથા છે!!

પુરૂષના સ્ત્રી સાથે,સ્ત્રીના સ્ત્રી સાથે, પુરૂષના પુરૂષ સાથે સ્ત્રીના ભગવાન સાથે (દેવદાસી પ્રથા) લગ્ન થાય છે. અલબત, લેસ્બિયન અને ગે લગ્નો અમુકતમુક દેશોમાં કાનૂની નથી. નિકાહ એ કરારનામું છે. લીવ ઈન રીલેશન લગ્ન કર્યા વગર સહજીવન માણવાની સગવડ છે.

સોલોગૈની લગ્ન વિશે કૂતુહલ છે. ર્જીઙ્મઙ્ઘ્રટ્ઠદ્બઅ દ્વટ્ઠઙ્ઘિૈંહખ્ત ની શરૂઆત ક્યારે થયેલી તે સળગતો સવાલ છે?આ પ્રકારના લગ્નનો ઈતિહાસ જૂનો છે. પ્રથમવાર સોલોગૈમીનો અસ્તિત્વ અમેરિકાથી મલ્યુ. વર્ષ ૧૯૯૩માં અમેરિકાની એક મહિલાએ પોતાનાથી લગ્ન કર્યા હતા. તે મહિલાનો નામ લિંડા બારકર હતો. લિંડાએ સેલ્ફ મેરેજ માટે ૭૫ મેહમાનોને આમંત્રણ આપ્યુ હતુ. ત્યારબાદ પશ્ચિમી દેશમાં સોલોગૈમીનો ટ્રેડ વધ્યુ હતું. આજનાં સમયમાં ફક્ત જાપાનમાં જ નહીં પરંતુ ઈટલી, ઓસ્ટ્રેલિયા, અમેરિકા, તાઈવાન અને બ્રિટનમાં સોલો વેડિંગનો ટ્રેન્ડ વધી રહ્યો છે. ઓસ્ટ્રેલિયાના સિડનીમાં રહેતી ૨૮ વર્ષીય પેટ્રીસીયા ક્રિસ્ટીન નામની યુવતીએ ગત વર્ષે પોતાની સાથે લગ્ન કર્યા હતા. પેટ્રીસીયા ટીચર છે. ૮ વર્ષ પહેલાં તેની સગાઈ તૂટી ગઈ હતી. તે સમયે દુ:ખી થવાને કારણે પેટ્રીસીયાએ આગળ વધવાનો નિર્ણય કર્યો હતો અને પોતાની ફેવરિટ બનીને જિંદગી વિતાવવાનું નક્કી કર્યું હતું. ૨૦૧૪માં જાપાનની રાજધાની ક્યોટોમાં સેરેકા ટ્રાવેલ્સ નામની કંપનીઓએ યુવતીઓ માટે સોલો વેડિંગ પેકેજ પણ જાહેર કર્યા હતાં. સોલો વેડિંગમાં પેકેજમાં દુલ્હન બે દિવસ હોટલમાં રહે છે. દુલ્હનનો ડ્રેસ ફિટિંગ કરવામાં આવે છે, બેન્કવેટ હોલ ડિઝાઈન કરવામાં આવે છે. દુલ્હનને હેરસ્ટાઈલ અને મેકઅપ પણ કરી દેવામાં આવે છે. આ પછી, આખું ફોટોશૂટ થાય છે અને લગ્નનો આલ્બમ પણ તૈયાર કરીને આપવામાં આવે છે. ભોજન પીરસવામાં આવે છે, મહેમાનોને બોલાવવામાં આવે છે. બધા કામ એક્સપર્ટ્સ કરે છે, તે સંપૂર્ણપણે રિયલ વેડિંગ છે, બસ તેમાં કોઈ વર કે વહુ નથી. આ પ્રકારના અટકચાળાનું કારણ શું !?સોલોગામીના સમર્થકો એવો દાવો કરે છે તેઓ પોતાની જાતને જ પ્રેમ કરે છે અને પોતાના મૂલ્યો સાથે ખુશીથી જીવન જીવવા માગે છે. આવા લોકો બીજી કોઈ વ્યક્તિના બદલે પોતાની જાતને જ જીવનસાથી તરીકે પસંદ કરે છે. મહિલાઓમાં સોલોગામી કેમ લોકપ્રિય? કેટલીક મહિલાઓને લાગે છે કે તે પોતાની જાત સાથે જેટલી ખુશ રહી શકે છે એટલી પોતાના પાર્ટનર સાથે નહીં રહી શકે અને આ કારણે તેઓ સોલોગામીનો વિકલ્પ પસંદ કરે છે.

આ પ્રકારના લગ્નથી વાસ્તવમાં સેંકડો સંબંધોનો ખુડદો બોલી જાય છે. નણંદ, જેઠાણી, દેરાણી, નણંદોઈ, પાટલા સાસુ, સાળી, સાળાવેલી વગેરે ઈતિહાસની ગર્તામાં ધકેલાઈ જાય છે. લગ્ન પછી કોના ઘરે ગૃહપ્રવેશ કરવો, અક્ષત ભરેલો કળશ ઢોળવો, કંકુના પાણી ભરેલ તાંસમાં પગ મુકી કંકુપગલા કરવા, દિવાલે છાપા મારવા વગેરે પ્રશ્નો વણઉકેલ્યા રહે છે!!દહેજ,ડોમેસ્ટિક વાયોલન્સ, વહુની પજવણી જેવી સમસ્યાનું નિર્મૂલન થાય છે. અજનબી કિસમનાસ્વજાત વિવાહમાં જાત સાથે ન ફાવે તો ફારગતી,લખણુ, છૂટાછેડા પણ થઈ શકે છે.તે માટે નાતનું પંચ બોલાવી ઘરમેળે( આમાં ઘર કયાંથી આવ્યું? લેખક મહાશય!!)કે કોર્ટમાં ડીવોર્સ પીટીશન ફાઈલ કરી વરસોના વરસ રાહ જોઈ યુવાનમાંથી આધેડ, પ્રૌઢ, વૃધ્ધ કે વયોવૃદ્ધ થવાની જરૂર નથી. ગયા વર્ષે એક સોલોગામી છૂટાછેડાની પણ જાણ કરવામાં આવી હતી

ભરત વૈષ્ણવ..

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસરે અમદાવાદની વિવિધ સંસ્થાઓનાં દિવ્યાંગ બાળકોએ કર્યા યોગ



અમદાવાદ સમાજ સુરક્ષા-દિવ્યાંગ વિભાગ હસ્તકની ૨૮ સંસ્થાઓમાં યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે અમદાવાદ જિલ્લા સમાજ કલ્યાણ-દિવ્યાંગ વિભાગ હસ્તકની વિવિધ ૨૮ સંસ્થાઓમાં દિવ્યાંગ બાળકો દ્વારા યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. વિવિધ યોગ ગુરુ તથા વિવિધ સંસ્થાઓના સભ્યોની હાજરીમાં ૧૨૭૪ જેટલાં દિવ્યાંગ બાળકોએ યોગ કર્યા હતા. યોગ દિવસે થતાં વિવિધ યોગાસનો દિવ્યાંગ બાળકો માટે એક નવી અને અલગ એક્ટિવિટી હોઈ બાળકોએ યોગ દિવસને માણ્યો હતો.

# એમસીએક્સ પર ક્રૂડ તેલનો વાયદો રૂ.૧૧૯ લપસ્યો: સોનાના વાયદામાં રૂ.૧૮૧ અને ચાંદીમાં રૂ.૩૮૨ની નરમાઈ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

કોટન-ખાંડી વાયદો રૂ.૩૨૦ ગબડ્યો: નેચરલ ગેસમાં સુધારો: મેન્થા તેલ ઢીલુ: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૮,૦૯૪ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૧૮૫૩૧ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૨૬ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૭૦,૬૬૯ સોદાઓમાં કુલ રૂ.૨૬,૬૫૧.૦૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૮,૦૯૪.૪૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૮૫૩૧ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૩,૮૨૯ સોદાઓમાં રૂ.૪,૮૬૨.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮,૬૧૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૬૬૩ અને નીચામાં રૂ.૫૮,૪૪૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૮૧ ઘટી રૂ.૫૮,૫૩૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૪ ઘટી રૂ.૪૭,૭૦૧ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૫ ઘટી રૂ.૫,૮૪૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૬ ઘટી રૂ.૫૮,૪૯૪ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૬૮,૮૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૮,૯૪૨ અને નીચામાં રૂ.૬૮,૪૦૬ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૮૨ ઘટી રૂ.૬૮,૮૬૫ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૩૭૧ ઘટી રૂ.૬૮,૯૭૦ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૪૧૦ ઘટી રૂ.૬૮,૯૫૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૨,૩૪૯ સોદાઓમાં રૂ.૧,૪૪૭.૧૪ કરોડના વેપાર થયા હતા. તાંબુ જૂન વાયદો રૂ.૭૩૨.૮૫ના ભાવે ખૂલી, રૂ.૦.૯૫ વધી રૂ.૭૩૩.૨૫ જ્યારે એલ્યુમિનિયમ જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧.૧૦ ઘટી રૂ.૨૦૧.૭૫ તેમ જ સીસું જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ વધી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. જસત જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૫ વધી રૂ.૨૧૯ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જૂન વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૯૦ ઘટી રૂ.૨૦૨ સીસુ-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૦ વધી રૂ.૧૮૩.૮૫ જસત-મિની જૂન વાયદો રૂ.૧.૪૦ વધી રૂ.૨૧૮.૭૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૬,૩૬૮ સોદાઓમાં રૂ.૧,૭૨૬.૪૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૯૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૯૬૬ અને નીચામાં રૂ.૫,૮૨૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૧૯ ઘટી રૂ.૫,૮૩૪ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જુલાઈ વાયદો રૂ.૧૧૬ ઘટી રૂ.૫,૮૩૯ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જૂન વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૨ના ભાવે ખૂલી, રૂ.૧.૪૦ વધી રૂ.૨૧૨.૨૦ અને નેચરલ ગેસ-મિની જૂન વાયદો ૧.૫ વધી ૨૧૨.૨ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૫૭.૯૬ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૬,૫૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૬૦૦ અને નીચામાં રૂ.૫૬,૨૬૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૨૦ ઘટી રૂ.૫૬,૩૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જૂન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૬.૩૦ ઘટી રૂ.૮૮૧.૮૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૭૭૦.૫૬ કરોડનાં ૩,૦૨૩.૩૯૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૦૯૨.૩૧ કરોડનાં ૪૪૬.૯૨૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૮૨૩.૨૩ કરોડનાં ૧,૩૯૮,૨૧૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૯૦૩.૨૪ કરોડનાં ૪૧,૬૩૭,૭૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૫૯.૧૫ કરોડનાં ૭,૮૩૮ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૪૪.૪૦ કરોડનાં ૨,૪૧૧ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૮૧૩.૬૦ કરોડનાં ૧૧,૦૬૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૪૨૯.૯૯ કરોડનાં ૧૯,૬૬૩ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૩૦.૭૫ કરોડનાં ૫,૩૭૬ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૨૭.૨૧ કરોડનાં ૩૦૩.૧૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૮૨૦.૭૬૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૮૯.૨૭૯ ટન, તાંબાના વાયદાઓમાં ૧૪,૯૩૦.૦૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૪,૮૯૨ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૩૨૫ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૫,૮૪૫ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧,૦૭૦,૦૦૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૩૪,૦૬૦,૨૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૨૨,૬૫૬ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૩૨.૨૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૨૫.૫૮ કરોડનાં ૩૨૬ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૧૧૭૪ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જૂન વાયદો ૧૫,૭૧૭ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૭૧૭ અને નીચામાં ૧૫,૬૬૧ બોલાઈ, ૫૬ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૫૯ પોઈન્ટ ઘટી ૧૫,૬૮૬ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૧૮૫૩૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૧૪૯.૫૬ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૬૩૭.૫૯ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૦૩૮૧.૩૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૩૬૧.૯૯ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૩૯૩.૧૫ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૮૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૦૫.૨૦ અને નીચામાં રૂ.૧૫૦.૧૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૩.૩૦ ઘટી રૂ.૧૫૪.૫૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૨૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૮.૧૦ અને નીચામાં રૂ.૫.૨૫ રહી, અંતે રૂ.૧.૦૫ વધી રૂ.૬.૦૫ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦૫ અને નીચામાં રૂ.૫૨૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૭.૫૦ ઘટી રૂ.૫૬૪.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની જૂન રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૪૯ અને નીચામાં રૂ.૧૦૨.૫૦ રહી, અંતે રૂ.૧૮ ઘટી રૂ.૧૪૧ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩૨૧ના ભાવે ખૂલી, રૂ.૧૩૦.૫૦ ઘટી રૂ.૩૩૪ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૯૨૦ના ભાવે ખૂલી,

આભાર - નિહારીકા રવિયા રૂ.૧૨૧.૫૦ ઘટી રૂ.૮૮૦ થયો હતો. તાંબુ જુલાઈ રૂ.૭૬૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૨૮ વધી રૂ.૬ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૫,૮૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૬૭.૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૧૮ અને નીચામાં રૂ.૧૫૫.૧૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૨ વધી રૂ.૨૧૩.૪૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૨૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬.૯૦ ખૂલી, ઉપરમાં રૂ.૬.૯૦ અને નીચામાં રૂ.૨.૨૫ રહી, અંતે રૂ.૦.૪૦ ઘટી રૂ.૩.૮૦ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૫૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૪૯ અને નીચામાં રૂ.૧૯૮ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૩ વધી રૂ.૨૩૪.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની જૂન રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૫ અને નીચામાં રૂ.૬૬ રહી, અંતે રૂ.૩૦ વધી રૂ.૧૦૧ થયો હતો.

ચાંદી જૂન રૂ.૬૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪૫૨ના ભાવે ખૂલી, રૂ.૧૨૨ વધી રૂ.૩૮૮.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨,૦૫૮ના ભાવે ખૂલી, રૂ.૧૮૩.૫૦ વધી રૂ.૨,૨૦૫.૫૦ થયો હતો. તાંબુ જુલાઈ રૂ.૭૩૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૦.૫૫ ઘટી રૂ.૧૦ થયો હતો.

## વિષય : ફાધર્સ ડે

શીર્ષક : પાષાણ પુરુષ

છે પત્થર સમું કાળજુ પણ લાગણીઓ વહાવે છે.

છે હ્દયમાં ઘણું તોફાન પણ મોં
પર કળવા નથી દેતાં.

તે પોતાની ઈચ્છાઓને દબાવીને,
કરે બીજાનાં ઓરતા પૂરાં.

દિલ ભલે રડે તેનું પણ આંખોમાં આંસુ આવવાં નથી દેતાં.

એ કોઈ નહી.....બસ એક પુત્ર,પતિ,પિતા જ કરી શકે.

વર્ષા ભટ્ટ (વૃંદા)અંજાર

---

## બાપા એટલે બાપા

બાળમંદિરમાં ગોળ ની
કાંકરી મોઢામાં મૂકીને
નિશાળે લઈ ગયા અને
હું ખુબ રડ્યો, એટલે આજે હું ખિલખિલાટ હસી શકું છું.

જનોઈ બદલ્યા પછી
કૂવામાં ધક્કો મારીને તરતા શીખવાડ્યું
એટલે હું કોઈને પણ પાણીમાં ડૂબતા
બચાવી શકું છું.

અંગુઠા પકડાવીને પીઠ પર ફૂટપટ્ટી મૂકી ને
ઘણીવાર ઊભો રાખ્યો
છે એટલે હું અત્યારે
પણ સૂર્ય નમસ્કાર અને શીર્ષાસન કરી શકું છું.

ઘણીવાર નનામી બાંધવામાં મદદ કરી
એટલે નનામી પણ બાંધતા શીખવાડીને ગયા છે.
બાપાને કાંધ આપી લઈ ગયો એટલે છેલ્લી મંઝિલ સ્મશાનની
પણ બાપાએ ઓળખાણ કરાવી દીધી છે.

બાપા એટલે બાપા.

ઘનશ્યામ વ્યાસ.

# રાજુ રદી ડાળે વળગશે નહીં તો ભવિષ્યમાં મળનાર મેડલો ગંગામાં વહાવી દેશે !!!

" ગિરધરભાઈ . ઈનફ ઈઝ ઈનફ.આઈ વિલ નોટ ટોલરેટ મોર., આઈ વિલ સ્ટ્રોંગલી ઓપોઝ ઓન ઈન્ટરનેશનલ ફોરમ!!" આજે રાજુ રદીની સ્કલ આઈ મિન ખોપરી છટકેલ હતી. સિંધમ ફિલ્મમાં અજય દેવગન કપાળ પર બેત્રણ આંગળીઓ પટકી "માઝી સટકલી "એમ કહેતો હતો ,તેમ રાજુ રદીની હટેલી ખોપડી છટેલી હતી.હું મારું નાક રાજુના મો સુધી લઈ ગયો. મે ઊંડો શ્વાસ લીધો. એ દરમિયાન રાજુએ ઉપરાછાપરી છીંકો ખાધી. રાજુના મોંમાંથી નિષ્પન્ન થયેલ પવિત્ર પ્રવાહીથી હું પવિત્રાણામ પવિત્ર થઈ ગયો.!!!તેના મોં પાસે નાક લઈ જઈ રાજુ રદી ઈંગ્લિશ બિંગ્લિશ છાંટોપાણી કરીને એ મારે ચેક કરવું હતું!!રાજુના કપાળે હાથ મુકયો. તાવ જેવું જણાતું ન હતું. છતાં સંનેપાત એટલે લવારો શા માટે ??? અમ મને સવાલ થયો.

" રાજુ. તારા પંડમાં પરફે કનિષ્ટ આમિરખાનનો આત્મા પ્રવેશ્યો છે કે શું? તને અમૃત ચોઘડિયું રોગ કે ઉદ્વેગ દેખાય છે. ઉદ્વેગ મનની શાંતિ હણે છે. રાજુ તું કપાલભારતી અને પ્રાણાયામ કર." મેં રાજુ રદીને મહર્ષિ મહેશ યોગી જેવી એડવાંઈઝ આપી.

" ગિરધરભાઈ હું કોઈનું અપમાન સહન કરી શકતો નથી. બોલો ,બેનબા કેવા ઊંચાનીચા થયા ગયા હશે? મોસાળમાં મિજબાની અને ભાણીબાને આમંત્રણ નહીં?? મામાનું ઘર કેટલે ? દીવો બળે એટલે ! બેન બાએ દસ વાર પટાવાળા અને પાંચ વાર એડીસીને બોલાવી નવી સંસદના ઉદઘાટનનું આમંત્રણ મળ્યું કે નહીં પૂછયું .દસ વાર ઈમેઈલ ચેક કરાવ્યો હશે .નજર રાષ્ટ્રપતિ ભવનના દરવાજા તરફ લગાવીને તમારા અહીં આજ પગલાં થવાના એવી ગઝલ ગણગણી હશે. દાંત ભીંસી હાથ પાછળ બાંધી મોગલ ગાર્ડન સોરી અમૃત ગાર્ડન ( ગાર્ડન શબ્દ કોલોનિયલ ન કહેવાય? તેના બદલે ઉધાન, ઉપવન ન વાપરી શકાય. ભાઈ બગીચો શબ્દ ગાલીચાની જેમ વિધર્મી છે. એટલે તેનો પ્રયોગ ટાળવો હિતાવહ છે!!) બિચારા અરમાન અને અરમાનની આગમાં તરફડ્યા હશે. મહામહીમથી પણ મહામહામહામહીમ સન્મુખ કયું પાતક જાણસેઅજાણ્યે આચરાઈ ગયું હશે તે અંગે બ્રેઈન સ્ટૉમિંગ એટલે પાણી વલોવ્યું હશે!! પશ્ચાત્તાપના સમુદ્રમાં ડૂબકી લગાવી હશે. પણ ધાર્યું તો પૃથ્વી વલ્લભનું જ થયું ને??" રાજુએ અપમાન આગ વરસાવી .

"રાજુ શાણા માણસો દૂધ ઢોળાઈ જાય તેનો અફસોસ કરતા નથી. અપિતું, ઢોંળાયેલ દૂધ તપેલીમાં ભેગું કરી તેની ડાયાબીટીક ચા બનાવી દુશ્મનને પીવડાવી દે છે!!" મેં રાજુને સલાહ આપી.

ગિરધરભાઈ. સોબત કરતા શ્વાનની બે બાજુનું દુખ.રીઝયું ચાટે મેં અને ખીજયું કાઢે પીંડી. જેવું કંઈક ફ્રેઝ છે. તેનો મિનિંગ શું??" રાજુએ પઝલ પૂછી.

" ઓલિમ્પિકમાં મેડલ જીતેલા પહેલવાનને ઘરે બોલાવી ફોટો લેસન કરી ભવિષ્યની પેઢી માટે ઈન્સ્પિરેશનને છે તેવી વાતો કરી જંતરમંતર પર ન્યાય માટે બેસેલા પહેલવાનોને મારીને ભગાડવા!" મે જવાબ આપ્યો.

"ગિરધરભાઈ . પહેલવાનોનો ગુનો શો ?વાંક શો? ટાંચા સાધનો-સગવડને અતિક્રમીને દેશદાઝ અને તિરંગો ઉન્નત રહે તે માટે મેડલ જીતવો . શું આ વાંક હોય તો બધાને ફાંસીએ ચડાવી દો. મેડલ વિજેતાના માનમાં કસીદા પઢવાના બદલે પંદર રૂપિયામાં મેડલ મળે તેવી જઘન્ય કોમેન્ટ કરનારને પદ પરથી ફારેગ પણ કરવામાં ન આવે ? ગાડી નીચે કૂતરાનું બચ્ચું આવે તો સંવેદના પ્રગટ કરનાર પહેલવાનોની રજૂઆત તરફ ધૃતરાષ્ટ્રત્વ દેખાડે!! પહેલવાન સંઘના પ્રમુખ સામે મી ટુ જેવા આક્ષેપો થાય. મોટી અદાલત કહે પછી ફરિયાદ નોંધાય ? આ નવું ભારત છે? તો જૂનું ભારત શું ખોટું હતું?? જેની સામે ફરિયાદ હોય તેની તરફ સહાનુભૂતિ રાખનાર લોકો અંધેરી નગરીને ગંડું રાજા જેવી તપાસ તરી આરોપી પિતાતુલ્ય છે એમ કહે છે. પિતા તથાકથિત હેવાન બન્યો છે કે નહીં તેની તે તપાસ કરોને ? પણ એવું નહીં કરવાનું. કેમ કે,૨૦૨૪ ના અશ્વમેધ યજ્ઞમાં પહેલવાન સંઘનો હાકેમ પાંચ પંદર સીટ મેળવવામાં ઉપયોગી થવાનો ?? ખુદા મહેરબાન તો બ્રિજ઼ઋૂષણ પહેલવાન?!પહેલવાન બેટા-બેટી સીટ જીતવાનાં કયાં મદદરૂપ થવાના?? આવા હેવાન માટે બેટી બચાવો બેટી પઢાવવાની ???" રાજુ રદીએ રૌદ્ર રૂપ ધારણ કર્યું!!

" રાજુ. દેશ માટે લોહી પાણી એક કરી ઓલિમ્પિક કે બીજી કોમ્પિટિશનમાં તાકાતવર પહેલવાનને ધૂળ ચાટતા કરી મેડલ લેવાના પ્લેટફોર્મમાં પહેલા નંબરે ઉભા રહી દાંત વચ્ચે મેડલ દબાવી રાષ્ટ્ર ધ્વજ લપેટી ઉભા રહેલા વિજેતાને કેવો રોમાંચ થતો હશે? આનંદનું કેવું ઝરણું વહેતું હશે?; પસ્તાવાનું ઝરણું વહે તો પ્રેમ, આનંદનું ઝરણું કેમ ન વહે? ) દેશનો સપૂતો ન્યાય ન મળતાં ના છૂટકે નાઈલાજે અંતિમ વિકલ્પે મળેલા અમૂલ્ય અને કોહિનૂર કરતા કિંમતી મેડલ મા ગંગામાં વહાવી દેવાનો નિર્ણય કરે તે તંત્ર અને તંત્રવાહકોની કેની નિર્મમ નિષ્ઠુરતા, સંનેદનહીનતા અને લાપરવાહી કહેવાય?? ચોક કોટવાલને દંડે તેમ લાજવાને બદલે ગાજીને હેવાન કહે છે કે મારા પર આરોપ મૂકનારા ગંગા નદીમાં મેડલ પધરાવી દેવાથી મને ફાંસી મળવાની નથી. જો તમારી પાસે પુરાવા હોય તો પોલીસને જઈને આપો, કોર્ટને આપો અને જો કોર્ટે મને ફાંસીની સજા ફટકારી તો હું ફાંસીના માચડે ચઢી જઈશ. મેડલ ફેંકી દેવાની બાબત ઈમોશનલ ડ્રામા છે. બ્રિજભૂષણે સ્ટેટમેન્ટ આપ્યું છે." મેં અરણ્ય રૂદન કર્યું !!

" ગિરધરભાઈ દેશમાં એક મેડલ પરત ક્રાંતિના નૂતન મંડાણ થઈ રહ્યા છે. મણિપુરમાં એક જાતિને અનામત આપના વડી અદાલતે આપેલા હુકમને લીધે સિવિલ વોર જેવી સ્થિતિ થઈ છે. મણિપુરમાં ખેલાડીઓએ શાંતિ ન સ્થપાય તો મેડલ પરત કરવાની ધમકી આપી છે!!" રાજુએ સમાચાર રજૂ કર્યા ." રાજ. જેમ આગ ઝડપથી ફેલાય તેમ મેડલ પરત કરવાનો સિલસિલો દવની જેમ ફેલાશે તો કોથમીરના વધેલા ભાને ઘટે નહીં, સમયસર ફલાઈટો ઉડે નહીં, મેટ્રો ટ્રેન અમારા વિસ્તારમાંથી પસાર ન થાય, અમને પરીક્ષામાં ચોરી કરવાનો મૂળભૂત અધિકાર ન મળે, કાળ્મીરી પુલાવમાં કાશ્મીર ન મળે, શેખચલ્લી કે મુંગેરીલાલ કે હસીન સપને સાચા ન પડે કે આકાશમાં કેસર કેરી ન પાકે, મધરાતે મેઘધનુષ ન દેખાય તો મેડલ પરત કરવાની ધમકી મળવા માંડશે અગર સ્થાનિક નદીમાં મેડલ વહેડાવવાની સોલિડ ધમકી મળશે. યે આગ કભી ભી બુઝેગી નહીં !!" મે સૂચિત ભયસ્થાનો તરફ રાજુને અંગુલિ નિર્દેશ કર્યો !!

" ગિરંધરભાઈ . ઓલિમ્પિકના મેડલમાં ઘાલમેલ કે ધુપ્પલ ચાલે છે.ઓલિમ્પિકમાં મેડલ ૫૦૦ ગ્રામના છે, પરંતુ સૌથી વધુ વજનવાળા મેડલ્સ ટોક્યો ઓલિમ્પિકમાં છે. આ વખતે ગોલ્ડ મેડલ લગભગ ૫૫૬ ગ્રામ છે, જ્યારે સિલ્વર મેડલ ૫૫૦ ગ્રામ છે અને તે સંપૂર્ણ ચાંદીથી બનેલો છે. તે જ સમયે, બ્રોન્ઝ મેડલ ૪૫૦ ગ્રામનું છે, જે ૯૫ ટકા કોપર અને ૫ ટકા જસતનું મિશ્રણ કરીને બનાવવામાં આવે છે.ઓલિમ્પિકમાં કોઈ પણ એક રમતમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે ગોલ્ડ મેડલ આપવામાં આવે છે.. ગોલ્ડ મેડલ હકીકતમાં ગોલ્ડ પ્લેટેડ હોય છે, જ્યારે તે સિલ્વરથી બનેલ હોય છે. તેમાં ૧% સોનાથી થોડુંક વધુ સમાયેલું છે, પાંચસો ગ્રામના ગોલ્ડ મેડલમાં માત્ર ૬ ગ્રામ સોનું હોય છે! એટલે કે ગોલ્ડ મેડલની કિંમત એક ગ્રામ સોનાના લગભગ પાંચ હજાર નવસો ત્રેપન રૂપિયા લેખે પાંત્રીસ હજાર સાતસો અઢાર રૂપિયા થાય! આમ, મેડલની કિંમત પંદર રૂપિયા નથી!!" રાજુએ વિગતો આપી.

" રાજુ તારી લગાઈ નક્કી નહીં થાય તો તું શું કરીશ?" અમે રાજુની દુખતી નસ પર પગ મુકયો.( આંગળી કયાં સુધી મુકવાની કે કરવાની? હવે એકશનનો ટાઈમ થઈ ગયો છે!!!!

" ગિરધરભાઈ મને છઠા ધોરણમાં એક મેડલ મળેલ. કલાસમાં દોડની હરીફાઈ હતી. મેં ભાગ લીધેલો . મને ચોત્રીસમાં રનર્સ અપનો મેડલ મળેલો. જો કે , પાંત્રીસ હરીફ વચ્ચે મારો નંબર છેલ્લો જ કહેવાય . મારામાં પેન્ટેશિયાલીટી ફટાકડાની જેમ ઠાંસી ઠાંસીને ભરેલ છે. ભવિષ્યમાં ગ્રેમી, ઓસ્કાર , બુકર પુલિત્ઝર , રોમને મેગ્સસે, શાંતિનો નોબેલ, જ્ઞાનપીઠ , રણજિતરામ વગેરે એવોર્ડ મળનાર છે. મારું કશે ગોઠવાશે નહીં કે હું કોઈ ડાળે( ડાળ બાવળની હશે તો પણ દોડશે !!) નહીં વળગું તો મા કસમ( સાસુ કસમ ખાવા માટે પણ સાસુ હોવી જોઈએ કે નહીં??) મને મળનારી સૂચિત, પ્રાસ્તાવિત કે ભવિષ્યના મેડલો મા ગંગામાં વહેડાવી દઈશ!!" આટલુંબોલીને રાજુ રદી માધવૃષ્ટિની ( ભઈ માવેઠાને સંસ્કૃતમાં માવઠું એટલે કે કમોસમી વરસાદ કહે છે '!!!)જેમ સાંબેલાધાર રડયો છે!!

ભરત વૈષ્ણવ

આ લેખ હાસ્ય નિષ્પન્ન કરવાના ઈરાદે લખેલ છે. બંધબેસતી પાઘડી કૃપા કરીને ન પહેરવા અનુરોધ છે!')

# પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે વિસ્તારક યોજના સંદર્ભે પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજીએ પત્રકાર પરિષદ યોજી

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, પ્રદેશ કાર્યાલયશ્રી કમલમ ખાતે પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજીએ અલ્પકાલીન વિસ્તારક યોજના સંદર્ભે પ્રત્રકાર પરિષદ સંબોધી હતી જેમાં પ્રદેશના પ્રવકતાશ્રી યમલભાઇ વ્યાસ,પ્રદેશ સહ પ્રવકતાશ્રી ડો.રૂત્વીજ પટેલ,ડો. અનિલભાઇ પટેલ,પ્રદેશ મીડિયાના સહ કન્વીનરશ્રી ઝુબિન આશરા ઉપસ્થિત રહ્યા હતા. મીડિયાને સંબોધતા પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજીએ જણાવ્યું કે, કોંગ્રેસની સરકારમાં ભ્રષ્ટાચાર,મોંઘવારી,અસુરક્ષાથી ત્રાહિમામ પોકારી દેશની જનતાએ વર્ષ ૨૦૧૪માં ભાજપ સરકારને સ્પષ્ટ બહુમત આપી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને વડાપ્રધાન તરીકેની જવાબદારી



## તારીખ ૨૩ જૂનના રોજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી તમામ વિસ્તારકોને એક સાથે વર્ચ્યૂઅલ માધ્યમથી માર્ગદર્શન આપશે. : શ્રી પ્રદિપસિંહ વાઘેલા

સોંપી. વર્ષ ૨૦૧૪ થી ૯ વર્ષના સમયગાળામાં વડાપ્રધાન તરીકે જે જે અપેક્ષાઓ અને વચનો આપ્યા તે પુર્ણ કર્યા છે. આજે દેશની જનતા નવી નવી આશા અને અપેક્ષા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પર રાખી રહ્યા છે. આજે વિશ્વના દેશો આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને જે

## વિસ્તારક યોજના થકી ૫૧,૯૩૧ કાર્યકરો ૧૮૨ બેઠકો ના તમામ બુથો પર ઘરે ઘરે જઇ પત્રિકા વિતરણ અને જનસંપર્ક કરી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના ૯ વર્ષના કાર્યોના હિસાબની માહિતી આપશે : શ્રી પ્રદિપસિંહ વાઘેલા

સન્માન આપે છે તે પહેલા આપણે વિચારી પણ નોહતા શકતા. આજે દેશમા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પહેલા વડાપ્રધાન છે કે તેઓ જનતાને તેમના કામનો હિસાબ આપે છે. ગુજરાત ભાજપ પણ અલગ અલગ કાર્યક્રમો થકી જનતાને માહિતી આપી રહી છે તેના ભાગરૂપે ભાજપના ૫૧,૯૩૧ કાર્યકરો ત્રણ દિવસ માટે વડાપ્રઘાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કરેલા કાર્યોની માહિતી ઘરે-ઘરે પહોંચાડવા માટે આવનાર ૨૫,૨૬,૨૭ તારીખે પત્રિકા વેહંચી અને મુલાકાત કરી કામની માહીતી આપશે.આટલુ મોટુ જન સંપર્ક અભિયાન વિશ્વમાં કોઇ રાજકીય પાર્ટીએ ક્યારેય નહી કર્યુ હોય. શ્રી વાઘેલાજીએ વધુમાં જણાવ્યું હતુ કે, ૨૩ જૂન ડો. શ્યામા પ્રસાદ મુખર્જી કે જેઓ જનસંઘના પહેલા અધ્યક્ષ અને ભાજપની વિચારધારાના સ્થાપક અધ્યક્ષ હતા તેમના બલિદાન દિવસ નિમિત્તે ગુજરાતના ૧૮૨ વિધાનસભા પર કાર્યકરો વિસ્તારક યોજના માટે ભેગા થશે તેમજ સાંસદો-ધારાસભ્યો અને પાર્ટીના આગેવાનો ઉપસ્થિત રહશે જેમાં વર્ચ્યૂઅલ માધ્યમથી ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી વિસ્તારકોને માર્ગદર્શન આપશે.

# વાવાઝોડાથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે કોંગ્રેસ પક્ષના સીનીયર આગેવાનોની ટીમો જશે



વાવાઝોડા અને તેની અસરનાં કારણે જ્યાં અતિવૃષ્ટિ થઈ હતી તેવા પ્રભાવિત જીલ્લાઓના લોકો વચ્ચે કોંગ્રેસ પક્ષના આગેવાનો જશે અને લોક પ્રશ્નોને વાચા આપશે તેમજ પક્ષના કાર્યકર્તાઓ તરફથી શક્ય તે મદદ કરવામાં આવશે. પ્રદેશ કોંગ્રેસ દ્વારા નક્કી થયા મુજબ (૧) બનાસકાંઠા અને પાટણ જીલ્લામાં માન. શ્રી જગદીશભાઈ ઠાકોર, શ્રી લાલજીભાઈ દેસાઈ તથા શ્રી જીગ્નેશભાઈ મેવાણી, (૨) કચ્છ જીલ્લામાં શ્રી લલિતભાઈ કગથરા, શ્રી જાવેદભાઈ પીરઝાદા તથા શ્રી નૌશાદભાઈ સોલંકી, (૩) જામનગર અને દ્વારકા જીલ્લામાં શ્રી અમરીશભાઈ ડેર, શ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ તથા શ્રી લલિતભાઈ વસોયા, (૪) પોરબંદર જીલ્લામાં શ્રી પરેશભાઈ ધાનાણી, શ્રી ભીખુભાઈ વારોતરિયા તથા શ્રી પાલભાઈ આંબલિયા. ઉપરોક્ત આગેવાનોની કોંગ્રેસ પક્ષની ટીમ અસરગ્રસ્ત વિસ્તારોના લોકોને મળીને તેમના પ્રશ્નો સાંભળશે. વાવાઝોડાથી અસરગ્રસ્ત વિસ્તારોમાંથી પુષ્કળ ફરિયાદો કોંગ્રેસને મળી રહી છે કે,

(૧) તેઓને જે કેશડોલ્સની રકમ સરકારે જાહેર કરી છે તે ખુબ જ ઓછી છે અને ખરા અર્થમાં જેટલા દિવસો તેઓ પ્રભાવિત થયા હતા તેની પુરતી રકમ મળી રહી નથી.

(૨) જે ખેડૂતોના વૃક્ષોને ખુબ મોટા પાયે નુકશાન થયેલું છે તે નુકશાનીની આકારણી કે વળતર હજુ સુધી યોગ્ય રીતે અપાયું નથી.

(૩) ઘણા બધા વિસ્તારોમાં હજુ પણ વીજળી પુનઃસ્થાપિત થઈ શકી નથી.

(૪) પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા અનેક ગામોમાં હજુ સુધી નિયમિત થઈ નથી.

(૫) પશુપાલકો માટે ચરાણની ખુબ મુશ્કેલી ઉભી થઈ છે ત્યારે મફત ઘાસનું વિતરણ હજુ શરૂ કરવામાં આવેલું નથી.

(૬) ગ્રામ્ય રસ્તાઓ અતિશય ખરાબ થયા છે તેને રીપેરીંગ કે વ્યવસ્થિત વાહનવ્યવહાર યોગ્ય કરવામાં આવ્યા નથી.

(૭) કેટલાક વીજળીના થાંભલાઓ અને ફીડરો અતિશય નુકશાનીગ્રસ્ત થયા છે તેનું પુનઃ સ્થાપન થયું નથી.

(૮) જે નાના વેપારીઓ, હાથલારી કે નાની દુકાનો ધરાવતા વેપારીઓને નુકશાન થયું છે તેમને વળતર આપવા માટે કોઈપણ ચકાસણી કે વળતરની રકમ આપવા માટેની વ્યવસ્થા થઈ નથી.

(૯) જે અતિવૃષ્ટિનાં કારણે ખેડૂતોના બિયારણને નુકશાન થયું છે તેમજ કેરી અને ખારેકના પાકને મોટાપાયે નુકશાન થયું છે તેનો કોઈ વ્યવસ્થિત સર્વે થયેલ નથી કે વળતર મળેલ નથી.

આવા અનેક પ્રશ્નોને રૂબરૂ સાંભળીને તંત્ર સુધી પહોંચાડવા માટે તેમજ સ્થાનિક કક્ષાએ સરકારી સહાયમાં તંત્રના સંકલનમાં જરૂર પડે ત્યાં કોંગ્રેસનો કાર્યકર મદદરૂપ બને તે માટે કોંગ્રેસ પક્ષના સીનીયર આગેવાનોની ટીમો મુલાકાત લેશે. મુલાકાત બાદ આ આગેવાનો જીલ્લા કક્ષાએ કલેકટરશ્રી અથવા જવાબદાર અધિકારીને આવેદનપત્ર આપી સંપૂર્ણ અહેવાલ પ્રદેશ કોંગ્રેસ સમિતિને રજૂ કરશે તેમ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે વિશ્વ યોગ દિનની કરાઈ ઉજવણી

## અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર, ગુજરાત યોગ બોર્ડ અને ગુજરાત સાયન્સ સિટીના સંયુક્ત ઉપક્રમે કરાયું આયોજન

સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૨૧મી જૂનને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઊજવવામાં આવે છે. વિશ્વ યોગ દિવસની ઉજવણી માટે પસંદગી પામેલ અમદાવાદ શહેરનાં આઈકોનિક સ્થળોમાં સાયન્સ સિટીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર, ગુજરાત યોગ બોર્ડ અને ગુજરાત સાયન્સ સિટીના સંયુક્ત



ઉપક્રમે અહીં નવમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૬ વાગ્યાથી ૭:૪૫ વાગ્યા સુધી સહભાગીઓએ વિવિધ પ્રકારના યોગાસનો કર્યા હતા અને શરીર તથા મનની હળવાશનો અનુભવ કર્યો હતો. આ ઉપરાંત ક્યા પ્રકારના યોગાસનો કરવાથી શરીરમાં કેવા પ્રકારના લાભ થાય છે તેના વિશે પણ નિષ્ણાતો દ્વારા સહભાગીઓને માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આશરે ૫૦૦ જેટલા સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે ગુજરાત સાયન્સ સિટી ખાતે તા.૫ જૂનથી ૨૦ જૂન સુધી યોગ તાલીમ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમાં યોગ નિષ્ણાતો દ્વારા લોકોને અલગ અલગ પ્રકારના યોગાસનો કરવાની રીતો અને તે કરવાથી સ્વાસ્થ્યમાં થતા ફાયદા વિશે લોકોને માર્ગદર્શન પૂરુંપાડવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં શહેરના અલગ અલગ વિસ્તારના લોકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

# ગુજકોમાસોલ નું ટર્ન ઓવર ૧૬૨૬.૯૪ કરોડ હતું જે દિલીપભાઈ સંઘાણીએ ચાર્જ સંભાળ્યા પછી ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩ સુધીમાં ૪૭૦૦ કરોડ સુધી પહોંચ્યું

ગુજકોમાસોલ નું ટર્ન ઓવર ૧૬૨૬.૯૪ કરોડ હતું જે દિલીપભાઇ સંઘાણીએ ચાર્જ સંભાળ્યા પછી ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩ સુધીમાં ૪૭૦૦ કરોડ સુધી પહોંચ્યુ ગાંધીનગર ગુજકોમાસોલ ફેડરેશનની ચૂંટણી થઇ



શિરોમણી ચેરમેનશ્રી દિલીપ સંઘાણી

એ સંસ્થાનું કામકાજ સંભાળ્યું. વર્ષ ૨૦૧૭ માં ચાર્જ સંભાળ્યા બાદ આજદિન સુધી થયેલ કામગીરીનું તુલનાત્મક વિવરણ અગાઉના વર્ષ ૨૦૧૬-૧૭ માં ગુજકોમાસોલ નું ટર્ન ઓવર ૧૬૨૬.૯૪ કરોડ હતું જે દિલીપભાઈ સંઘાણીએ ચાર્જ સંભાળ્યા પછી ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩ સુધીમાં ૪૭૦૦ કરોડ સુધી વધારેલ છે.અગાઉના વર્ષોમાં ૧૨% થી ૧૫% ડિવિડન્ડ ચુકવવામાં આવતું જે શ્રી દિલીપભાઈ સંધાણીએ ચાર્જ સંભાળ્યા પછી છેલ્લા ચાર વર્ષથી ૨૨% ડિવિડન્ડ ચુકવવામાં આવે છે






# 'ઋષી' અને 'કૃષી'ની સંસ્કૃતિનો વિનાશ પહોંચાડતું જીવતા પશુઓની નિકાસ માટેનું પ્રસ્તાવિત બિલ ભાજપ સરકાર રદ કરેઃ ડો. મનિષ દોશી

દેશની 'ઋષી' અને 'કૃષી'ની સંસ્કૃતિનો વિનાશ પહોંચાડતો જે જીવતા પશુઓની નિકાસ કરતો ક્રુર કાયદો કેન્દ્રની ભાજપ સરકાર લાવવા જઈ રહી છે ત્યારે દેશમાં વધી રહેલા "પીન્ક રીવોલ્યુશન" અને પશુ નિકાસ કાયદા બિલ પરત ખેંચવાની માંગ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ભાજપ સરકાર દેશની સંસ્કૃતિ સાથે ચેડા કરી રહી છે. 'ઋષી' અને 'કૃષી' ના દેશમાં કીડીને કણ અને હાથીને મણ સાથે પહેલી રોટલી ગાય અને છેલ્લી રોટલી કુતરાને આપવાની પરંપરા છે ત્યાં જીવતા પશુઓની નિકાસ કરવાના ક્રુર કાયદા લાગુ થવાથી ગાય, ભેસ, ઘેટા સહિતના પશુધનની મોટા પાયે નિકાસ થશે. ભાજપ માત્ર પ્રવચનમાં બુદ્ધ, મહાવીર અને મહાત્મા ગાંધીની વાતો કરે છે. પરંતુ ગાય અને પશુ ધનના ગૌચરો ખાઈ જવાય, ગૌચર વેચી દેવાય, ગૌચર ગાયબ કરી દેવાય, પશુધનને ઘાસચારા વિના રસ્તા ઉપર રખડતા કરી દેવાની ભાજપની નીતિઓ વારંવાર ખુલ્લી પડી છે. બુદ્ધ અને મહાવીરના સિદ્ધાંતોની બે મોઢાની વાતો કરનાર ભાજપ સરકારની ચાલ, ચલન અને ચરિત્ર ખુલ્લુ પડી ગયું છે.

વર્ષ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં માંસની નિકાસ અંગે "પીન્ક રીવોલ્યુશન" તરફ આગળ વધતી ભાજપ સરકારમાં માસ-બીફ ની નિકાસમાં ૩૫ ટકા જેટલો અધધ વધારો નોંધાયો છે. માત્ર વર્ષ ૨૦૨૧માં જ ૧૪.૨ બીલીયન એટલે કે ૧૦.૮૬ લાખ મેટ્રીક ટન માસ-બીફ ૭૦થી વધુ દેશોમાં નિકાસ થયો છે. આજ રીતે નિકાસ ચાલતો રહેશે તો વર્ષ ૨૦૨૬ સુધીમાં માસ-બીફની નિકાસ ૧૯.૩૦ લાખ મેટ્રીક ટન જેટલી ઉચ્ચ સપાટીએ પહોંચી જશે. ગાયના નામે મત માંગનારી ભાજપ જીવીત પશુ અને પશુધનના નિકાસ કરે ત્યારે ગૌરક્ષા માટે મોટી મોટી વાતો કરતી વિશ્વ હિંદુ પરિષદ, આર.એસ.એસ. કેમ મૌન છે? કેમ આ જીવતા પશુઓના નિકાસના બિલનો વિરોધ કરતી નથી? આ સ્પષ્ટ દર્શાવે છે કે,



ભાજપ-આર.એસ.એસ. માત્ર મત મેળવવા માટે ગાય, જીવીત પશુનો સહારો લઈ મતની ખેતી કરે છે.લાઈવસ્ટોક ઈમ્પોર્ટ એન્ડ એક્સપોર્ટ બિલ - ૨૦૨૩ સૂચિત બિલ આશ્ચર્યજનક રીતે ગાય, ભેંસ અને પ્રાણીઓને કોમોડિટી તરીકે વ્યાખ્યાયીત કરે છે અને જીવંત સ્ટોકની નિકાસને કાયદેસર બનાવવાનો સ્પષ્ટ મુસદ્દો છે. આમ જીવિત પશુ, પક્ષીઓ અને ઢોરની નિકાસને આ રીતે હેરાફેરી કરીને દબાણ કરવું એ બંધારણની જોગવાઈઓ અને ભાવના વિરુદ્ધ છે. આ બિલ પસાર થવાથી રાષ્ટ્રીય પશુ સંપત્તિના હિત પર ખૂબ જ પ્રતિકૂળ અસર પડશે, છેલ્લા ઘણા સમયથી ભારતમાંથી મોટા પાયે માંસની નિકાસને કારણે સરકાર અને તેની તંત્રની ઘોર ઉપેક્ષા અને ઉદાસીનતાનો શિકાર મુંગા પશુધન બની રહ્યાં છે. હવે કેન્દ્ર સરકાર દ્વારા જીવતા ગાય, ભેંસ સહિતના પશુઓને નિકાસ કરવાનો કાયદો બનવા જઈ રહ્યો છે જે જીવદયા પ્રેમી માટે ઘેરી ચિંતાનો વિષય છે.

મૃત પશુઓના માંસની નિકાસમાં અવલ્લ સિધ્ધી હાંસલ કરવા તરફ આગળ વધતી મોદી સરકાર હવે જીવતા પશુઓની નિકાસ માટે કાયદો બનાવવા જઈ રહી છે ત્યારે, સંત-મહાત્મા, જૈન મુનિશ્રીઓ સહિત તમામને નમ્ર અપીલ છે કે, બહુમતિના જોરે અહંકારી ભાજપ સરકારના ભારતીય સંસ્કૃતિ વિરોધી પગલા સામે આક્રોશ સાથે રૂકજાવ આંદોલનમાં આશિર્વાદ સાથે જોડાય. સૂચિત બિલને તાત્કાલિક રદ કરવાની કોંગ્રેસ પક્ષના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ માંગ કરી છે.

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૧ જુન ૨૦૨૩ ના રોજ સેક્ટર ૧૪ ખાતે ગાર્ડન માં યોજાયો



આંતર્રાષ્ટ્રીય સ્તરે જયારે ૨૧ જુન ૨૦૨૩ ના રોજ યોગ દિવસ ઊજવાતો હોય ત્યારે ગાંધીનગર મહા નગર ના નિર્દેશ મુજબ સેક્ટર ૧૪

ગાર્ડન માં યોગ દિવસ ની ઉજવણી યોગ સંચાલક શ્રી રમણ ભાઈ આર પરમાર અને દક્ષા બેન ત્રિવેદી ત્થા જસવંત ભાઈ ઓઝા દ્વારા ખૂબ સુંદર રીતે યોગ કાર્યક્રમ સવારે ૬ વાગ્યા થી ૭.૩૦ વાગ્યા સુધી યોજાયો હતો જેમાં અડધો કલાક સુધી યોગ ના ફાયદા શ્રી રમણ ભાઈ પરમાર દ્વારા સમજાવવા માં આવ્યા હતા અને ડૉ ગુલાબ ચંદ પટેલ સુપ્રસિદ્ધ હિન્દી સાહિત્યકાર દ્વારા યોગ વિશે હિન્દી માં પોતાની રચના પ્રસ્તુત કરી હતી

આ કાર્યક્રમમાં શ્રીમતી ઉષા બેન મહેંદ્ર ભાઈ ચૌહાણ, કાંતિભાઈ પટેલ એડવોકેટ વિમલા બેન પટેલ, કૈલાશ બેન રમણ ભાઈ પરમાર ત્થા સેક્ટર ૧૪ ના અંદાજીત ૭૫ જેટલા લોકો એ યોગ દિવસ માં જોડાઈ યોગ કર્યા હતા.આ કાર્યક્રમમાં ડૉ ગુલાબ ચંદ પટેલ સામાજિક કાર્યકર દ્વારા યોગ માં ઉપસ્થિતિ સૌ લોકો નો આભાર માન્યો હતો

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.